# બાજખેડાવાળ પત્રિકા

## बाजखेडावाल पत्रिका Bajkhedawal Patrika


વર્ષ : ૧૪ ૨૦૨૦ : ઓક્ટોબર

અંક : ૬ આજીવન : રૂ. ૧૦૦૦/-



: તંત્રી :

**શ્રી મહાવીરપ્રસાદ એમ. દેસાઈ**

"શ્રી બ્રહ્મધામ", મહિલા સ્વામિનારાયણ મંદિર પાસે,

મહુધા-૩૮૭૩૩૫ ફોન : ૦૨૬૮-૨૫૭૨૦૪૪



**: પ્રકાશક :**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**

**શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન**

૧-૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ-૮

મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭

કાર્યાલયનો સમય સવારે : ૧૦.૩૦ થી ૫.૩૦

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા
## શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.
## શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી

કોરોનાની વૈશ્વિક મહામારીના સમયમાં સર્વેનું સ્વાસ્થ્ય સ્વસ્થ્ય રહે અને આ મહામારીમાં આપણે સર્વે સુરક્ષિત રહીયે, વારંવાર સાબુથી હાથ ધોઈએ, માસ્ક પહેરીએ અને સોશ્યલ ડીસ્ટન્સ્ટનું પાલન કરીએ.

આપના ઘરમાં હંમેશાં ધનની વર્ષા રહે, લક્ષ્મી માતાનો વાસ રહે, સંકટનો નાશ થાય અને શાંતિનો વાસ રહે.

દીપાવલી તથા આવનારૂ નૂતન વર્ષ આપને તથા આપના પરિવારને સુખમય, સમૃદ્ધિમય, આરોગ્યમય, યશસ્વી નિવડે તેજ પ્રભુ પાસે પ્રાર્થના સહ.

**શુભ દિપાવલી !! નૂતન વર્ષાભિનંદન !!**

શ્રી મહાવીરપ્રસાદ દેસાઈ (તંત્રી)
શ્રી જગતભાઈ દવે (સહતંત્રી)
તથા તંત્રીમંડળના સભ્યો, બાજખેડાવાળ પત્રિકા

✦✦✦✦✦✦

શ્રી ભૂપેન્દ્રભાઈ ખંભોળજા (પ્રમુખશ્રી) શ્રી સમીરભાઈ દવે (મંત્રીશ્રી)
તથા ટ્રસ્ટીઓ, હોદ્દેદારો અને કારોબારી સભ્યો
**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**

✦✦✦✦✦✦

શ્રી અરૂણભાઈ શેલત (પ્રમુખશ્રી) શ્રી પ્રણવભાઈ જોષી (મંત્રીશ્રી)
તથા હોદ્દેદારો અને કારોબારી સભ્યો
**શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.**

✦✦✦✦✦✦

શ્રી અનિલભાઈ ઠાકર (પ્રમુખશ્રી) શ્રી કિરીટભાઈ દવે (મંત્રીશ્રી)
તથા હોદ્દેદારો અને કારોબારી સભ્યો
**શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી**

# તંત્રી લેખ...

## શ્રીમદ ભગવદ ગીતા : અધ્યાય-૧૨, ભક્તિ યોગ

ભગવાન શ્રીકૃષ્ણના વિશ્વરૂપ દર્શનથી અર્જુનને મનમાં પ્રશ્ન થયો કે જે અનન્ય પ્રેમી ભક્તજનો, નિરંતર ભગવાનના ભજન ધ્યાનમાં રચ્યા પચ્યા રહીને સગુણસ્વરૂપ પરમેશ્વરને ભજે છે અને બીજા ભક્તો જે કેવળ અવિનાશી સચ્ચિદાનંદઘન નિરાકર બ્રહ્મને જ ઘણા ઉત્તમ ભાવે ભજે છે, એ બંને પ્રકારના ઉપાસકોમાં વધુ ચઢિયાતા યોગવેત્તા કોણ ?

જવાબમાં શ્રી ભગવાને કહ્યું, મારામાં મનને પરોવીને નિરંતર મારા ભજન ધ્યાનમાં રચ્યા પચ્યા રહેનારા જે ભક્તજનો, અત્યંત અડગ શ્રદ્ધાભાવથી યુક્ત થીને, મુજ સગુણસ્વરૂપ પરમેશ્વરને ભજે છે, તેઓ મને સઘળા યોગીઓમાં વધુ ચઢિયાતા યોગીરૂપે માન્ય છે.

પરંતુ જે ભક્તો, ઈન્દ્રિયોના સમુદાયને સારી પેઠે વશમાં કરીને મન અને બુદ્ધિથી પર, સર્વવ્યાપક કોઈપણ રીતે નિર્દેશ ના થઈ શકે એવા, સદા એકરસ રહેનાર, નિત્ય, અચળ, નિરાકાર, અવિનાશી સચ્ચિદાનંદઘન બ્રહ્મને નિરંતર એકાત્મભાવે ધ્યાન કરતા ભજે છે. એ સઘળાં ભૂતોના હિતમાં રત રહેનારા અને સૌમાં સમાનભાવ રાખનારા યોગીઓ જ મને પામે છે. પણ સચ્ચિદાનંદઘન નિરાકાર બ્રહ્મમાં મન પરોવનાર એ માણસોના સાધનમાં પરિશ્રમ વધુ છે; કારણ કે દેહાભિમાનીઓ વડે અવ્યક્ત વિષયક ગતિ ઘણું જ દુ:ખ વેઠીને પ્રાપ્ત કરવામાં આવે છે. અર્થાત્ દેહાભિમાન રહેવાને લીધે નિર્ગુણ બ્રહ્મની પ્રાપ્તિ દુષ્કર છે. પરંતુ મારે પરાયણ રહેનારા જે ભક્તજનો, સર્વ કર્મોને મારામાં અર્પણ કરીને, મુજ સગુણસ્વરૂપ પરમેશ્વરને જ અનન્ય ભક્તિયોગથી નિરંતર ચિંતન કરતાં ભજે છે, એ મારામાં ચિત્ત પરોવનાર પ્રેમી ભક્તોનો હે પાર્થ ! હું સત્વરે મૃત્યુરૂપી સંસાર સાગરમાંથી ઉદ્ધાર કરી દઉં છું. મારામાં મનને પરોવે અને મારામાં જ તારી બુદ્ધિને તું જોડ; એ પછી તું મારામાં જ નિવાસ કરીશ, એમાં લેશમાત્ર સંશય નથી. જો તું તારા મનને મારામાં મનને મારામાં અચળ ભાવે સ્થાપવા સમર્થ ન હોય તો અભ્યાસરૂપ યોગ દ્વારા મને પામવાની ઇચ્છા કર. જો તું યોગ અભ્યાસમાં પણ અસમર્થ છું. તો કેવળ મારે અર્થ કર્મ કરવાને જ પરાયણ થા; મારે અર્થ કર્મોને કરતો રહીને પણ તું મારી પ્રાપ્તિરૂપી સિદ્ધિને જ પામીશ.

જો મારી પ્રાપ્તિરૂપ યોગનો આશરો લઈને ઉપર જણાવેલ સાધન કરવામાં પણ તું અસમર્થ છે તો મન-બુદ્ધિ આદિ ઉપર જય મેળવનારો થઈને સર્વ કર્મોનો ફળનો ત્યાગ કર. મર્મને જાણ્યા વિના કરેલા અભ્યાસ કરતાં જે જ્ઞાન, સાંભળવાથી અને શાસ્ત્રના વાંચનથી મળે છે અને પરમેશ્વરના સ્વરૂપનું જે અનુમાન પ્રાપ્ત થાય છે. તે ચઢિયાતું છે. આમ જ્ઞાન કરતાં ધ્યાન ચઢિયાતું છે અને ધ્યાન કરતાં પણ સર્વ કર્મોના ફળનો ત્યાગ ચઢિયાતો છે. કેમ કે ત્યાગથી તરત જ પરમ શાંતિ મળે છે જે સર્વ ભૂતોમાં દ્વેષભાવ વિનાનો, વિના સ્વાર્થ સૌને પ્રેમી અને કોઈપણ હેતુ વિના દયાભાવ રાખનારો છે તથા મમત્વ વિનાનો, અહંકાર મુક્ત, સુખ-દુ:ખો પ્રાપ્તિમાં સમ અને ક્ષમાશીલ છે એટલે કે અપરાધ કરનારને પણ અભય આપનારો છે તથા જે યોગી નિરંતર સંતુષ્ટ છે, મન અને ઈન્દ્રિયો સહિત શરીરને વશમાં કરી રાખેલ છે અને મારામાં દૃઢ નિશ્ચય વાળો છે – એ મારામાં આપેલ મન અને બુદ્ધિવાળો મારો ભક્ત મને પ્રિય

છે. જેનાથી કોઈપણ જીવ ઉદ્વેગ નથી પામતો અને જે પોતે પણ કોઈ જીવથી ઉદ્વેગ નથી પામતો તથા જે હર્ષ, અમર્ષ ભય અને ઉદ્વેગ આદિથી રહિત છે, એ ભક્ત મને પ્રિય છે. જે ખેવના વિનાનો, બ્રાહ્ય તેમજ આંતરિક રીતે શુદ્ધ, નિપુણ, પક્ષપાત વિનાનો અને દુ:ખોમાંથી છુટેલો છે, એ ભક્ત મને પ્રિય છે. જે ન તો કદી હર્ષ પામે છે, ન દ્વેષ કરે છે, ન શોક કરે છે, ન કશાયની કામના કરે છે, તથા જે શુભ અને અશુભ સઘળાં કર્મોનો ત્યાગી છે, એ ભક્તિયુક્ત માણસ મને પ્રિય છે. જે શત્રુ કે મિત્રમાં અને મન કે અપમાનમાં સમ છે તથા ઠંડી, ગરમી અને સુખ દુ:ખ આદિ દ્વંદ્વોમાં સમ છે અને આસક્તિ વિનાનો છે, જે નિંદા અને સ્તુતિને સમાન સમજનાર, મનનશીલ અને ગમે તે પ્રકારે પણ શરીરનો નિર્વાહ થતાં સંતુષ્ટ છે તથા રહેવાના સ્થાનમાં મમતા અને આસક્તિ વિનાનો છે, એ સ્થિરબુદ્ધિનો ભકિતમાન માણસ મને પ્રિય છે. પરંતુ જે શ્રદ્ધાળુ માણસો મારે પરાયણ થઈને ઉપર કહેલા એ ધર્મમય અમૃતને નિષ્કામ પ્રેમભાવે સેવે છે, એ ભક્તો મને સૌથી પ્રિય છે.

આમ ભક્તિયોગ નામક આ અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા કેવી રીતે અને કેવા પ્રકારની ભક્તિ કરવી જોઈએ એનું સચોટ આલેખન છે.

– અસ્તુ

**સહતંત્રી – શ્રી જગતભાઈ દવે**

**શ્રી અ.ભા.બા.ખે.હિ. સભા, અમદાવાદ**

---

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના
## નિવૃત્ત થતા પ્રમુખશ્રીનું ઉદ્‌બોધન

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના હોદ્દેદારશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ તથા કારોબારી સભ્યશ્રીઓએ મારામાં મુકેલ વિશ્વાસને જ્ઞાતિ સમાજની સેવા કરવા માટે મારા પ્રમુખશ્રીના કાર્યકાળ દરમ્યાન તન–મન અને ધનથી પ્રયત્ન કરેલ છે. છેલ્લા બે અધિવેશનો પણ ખૂબ જ સુંદર રીતે યોજાઈ ગયા. જેની ફળશ્રુતિથી આપ સૌ વિદિત છો. શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ટ્રસ્ટીશ્રી, હોદ્દેદારશ્રી તથા કારોબારી સભ્યશ્રીઓનો તેમજ સમગ્ર જ્ઞાતિ સમાજ પ્રત્યે આ તબક્કે હું અહેસાનની લાગણી અનુભવું છું. જાણે અજાણે મારાથી કોઈને મનદુ:ખ થયું હોય તો ક્ષમા કરશો.

ચાલુ સાલે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાનું ૩૩મું રાષ્ટ્રીય અધિવેશન આપણે સૌ વડોદરા મુકામે યોજવાનું નિર્ધારિત કરેલ. વડોદરા બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ પણ ખૂબ જ ઉમંગથી તેની તૈયારીમાં લાગી ગયેલ પરંતુ કોરોનાની મહામારીના કારણે અને જ્ઞાતિ–સમાજના સજ્જનોના હિતને ધ્યાનમાં રાખી વડોદરા મુકામે યોજાનાર ૩૩મું રાષ્ટ્રીય અધિવેશન આપણે મોકુફ રાખેલ છે જેની નોંધ લેશો.

**– રાજેશ પી. દવે – ભૂતપૂર્વપ્રમુખ**

# શ્રદ્ધાંજલી



## શ્રી તુષારકુમાર ઘનશ્યામપ્રસાદ શેલત

આણંદના વતની શ્રી ઘનશ્યામપ્રસાદ કેશવલાલ શેલતના જ્યેષ્ઠ પુત્ર શ્રી તુષારકુમાર ઘનશ્યામપ્રસાદ શેલતનું ખૂબ જ નાની વયે દુ:ખદ અવસાન થયેલ છે. શ્રી તુષારકુમાર શેલત શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મં. લી., શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી-વિદ્યાનગર તથા શ્રી બાજખેડાવાળ મંડળ આણંદમાં વર્ષોથી સેવાઓ આપી રહ્યા હતા.

નાનપણથી જ રાજકીય કાર્યક્રમોમાં, સ્થાનિક રાજકારણમાં રસ હોવાને કારણે ભારતીય જનતા પાર્ટીના એક અદના કાર્યકર તરીકે તેઓ વર્ષોથી અવિરત પણે સેવાઓ આપી રહ્યા હતા. છેલ્લા પાંચ વર્ષથી તેમના પત્નીશ્રી હેમાબેન શેલત – આણંદ નગરપાલિકાના સભ્ય તરીકે ચૂંટાયેલા હતા અને તેઓશ્રી છેલ્લા અઢી વર્ષથી તેઓશ્રી પબ્લીક વર્ક કમિટિમાં સેવા આપે છે.

શ્રી તુષારભાઈ અવિરતપણે કોરોના મહામારીમાં પોતાના જાનની પરવા કર્યા વગર દિવસ-રાત ખડેપગે સેવા કરતાં હતા. આવા સંજોગોમાં તેઓશ્રીને કોરોના મહામારીનો ભોગ બનતા લાંબી માંદગી બાદ અવસાન પામેલ છે.

એમના દ્વારા જ્ઞાતિ-સમાજને તથા આણંદ શહેરને મળેલી સેવાઓની અત્રે નોંધ લઈએ છીએ. પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને ચિરશાંતિ અર્પે તેમજ તેમના કુટુંબીજનોને આ આઘાત સહન કરવાની શક્તિ આપે તેવી પ્રભુને પ્રાર્થના.

**ભૂપેન્દ્રભાઈ ખંભોળજા-પ્રમુખ — સમીરભાઈ દવે-મંત્રી**
**તથા ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ તથા કારોબારી સભ્યશ્રીઓ**
**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા - અમદાવાદ**

**અરૂણભાઈ શેલત-પ્રમુખ — પ્રણવભાઈ જોષી-મંત્રી**
**તથા હોદ્દેદારશ્રીઓ તથા કારોબારી સભ્યશ્રીઓ**
**શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી. - અમદાવાદ**

**અનિલભાઈ ઠાકર-પ્રમુખ — કિરીટભાઈ દવે-મંત્રી**
**તથા ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ તથા કારોબારી સભ્યશ્રીઓ**
**શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી - વિદ્યાનગર**

**કિરીટકુમાર દવે-પ્રમુખ — રાજેશકુમાર દવે-મંત્રી**
**તથા કારોબારી સભ્યશ્રીઓ**
**શ્રી બાજખેડાવાળ મંડળ, આણંદ**

# આણંદના મૂર્ધન્ય કેળવણીકાર અને દાતા સી. કે. ભટ્ટને અક્ષર નિવાસ



જાણીતા શાયર ગની દહીંવાલાએ માનવ જીવનની સાર્થકતા ઉજાગર કરતાં સાચું જ ગાયું છે કે... જિંદગીનો એ જ સાચો પડઘો છે દોસ્તો.

વ્યક્તિ હયાત ન હોય છતાં તેનું નામ બોલાયા કરે. સી. કે. ભટ્ટના હુલામણા નામે સમગ્ર આણંદ પંથકમાં એક કેળવણીકાર, દાનવીર તથા ઉમદા વ્યક્તિ તરીકે પોતાનું આગવું સ્થાન પ્રાપ્ત કરી લોહચાહના મેળવનાર તા. ૨૮-૦૮-૨૦૨૦ના શુભ શુક્રવારે ૯૪ વર્ષની વય સુપેરે વ્યતીત કરીને અક્ષરનિવાસી થયા છે ત્યારે વિવિધ સમાજમાં ભારે દુ:ખની લાગણી પ્રવર્તે છે. એ જ તેમના જીવનની સાર્થકતા છે ને !

૨૩ જૂન ૧૯૨૭ના રોજ તેમનો જન્મ. મૂળ નામ ચંદ્રગુપ્ત કિરપાશંકર ભટ્ટ – ઉમરેઠના વતની. વિદ્યાર્થી તરીકે અતિ મેધાવી અને તેજસ્વી, તેથી ઉચ્ચ અભ્યાસ કરીને શિક્ષક, અધ્યાપક અને પ્રિન્સીપાલ તરીકે ઝળકી ઉઠ્યાં.

૧૯૭૦ થી ૧૯૮૭ એકધારી ૧૮ વર્ષ સુધી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સાવલી જિ. વડોદરામાં પ્રિન્સીપાલ તરીક પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવી આ કોલેજને ગુજરાતની મોખરાની કોલેજોમાં સ્થાન અપાવ્યું. જે તેમની કેળવણીકાર તરીકેની મોટી સિધ્ધિ જ છે ને !

અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત યુનિવર્સિટી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને સરદાર પટેલ યુનિવર્સિટી એમ ત્રણ-ત્રણ યુનિવર્સિટીમાં સિન્ડીકેટના સભ્ય તરીકે સેવા આપનાર કદાચ તેઓ પ્રથમ શિક્ષણવિદ હશે.

૧૯૮૯ થી ૧૯૯૯ સુધી ગુજરાત જનતાદળના મહામંત્રી તરીકે તેઓ દીપી ઉઠ્યા અને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી સ્વ. ચીમનભાઈ પટેલ અને ભારતીય તત્કાલીન વડાપ્રધાન સ્વ. વી. પી. સિંહ સાથે તેમણે રાજકીય ક્ષેત્રે નોંધપાત્ર સેવા કરી એક રાજપુરૂષ તરીકે પોતાની નામના ઉભી કરી.

વર્ષ ૧૯૫૮માં તેઓશ્રી ડૉ. વનલત્તાબેન ભટ્ટ સાથે લગ્નગ્રંથિથી જોડાયા. ઈ.સ. ૨૦૦૦થી તેમના બે દિકરા પરેશ અને અસિત તથા દીકરી દર્શનાબેન ઉચ્ચ શૈક્ષણિક લાયકાત મેળવીને અમેરિકામાં સ્થાયી થયાં છે. તો બીજી દીકરી અમીતાબેન એમ.કોમ. સાથે નૃત્યવિશારદ થઈ હાલ આણંદમાં જ નૃત્યના વર્ગ ચલાવી પોતાની કળાનો ઓજસ પાથરી રહેલ છે.

સી. કે. ભટ્ટ સાહેબનાં ત્રણ સંતાન અમેરિકા સ્થાયી થયેલ હોવાથી અવારનવાર અમેરિકા જઈને ભારતની જેમ ત્યાં પણ ઉલ્લેખનીય સેવા આપી હતી. જે ખરેખર ગૌરવપૂર્ણ બાબત છે.

તેઓશ્રી શ્રેષ્ઠ પ્રિન્સીપાલની સાથે શ્રેષ્ઠ માનવ પણ ખરા જ. વિચાર, વાણી અને વર્તનનો ત્રિવેણી સંગમ એટલે જ સી. કે. ભટ્ટ તેઓ હંમેશા હસતા રહેતા. કારણ કે તેઓ સ્પષ્ટ માનતા કે હસવું મુખ સદાનું સુખ.

તેઓ કહેતા કે..... ભલે ને હોય નિરાશા ઘોર, હું આશાઓનું ફાનસ છું.

કર ઘા તું ફાવે એટલા, હું ભરોસાનો માણસ છું.

તેઓશ્રી અને વનલતાબેન બંને પેન્શનર, પણ પોતાના પેન્શનમાંથી મહત્તમ રકમ તેઓ સમાજ સેવામાં અર્પણ કરતા.

શ્રી સી.કે. ભટ્ટ સાહેબ દ્વારા વર્ષ ૨૦૦૪ થી લગભગ સાત-આઠ વર્ષ સુધી અધિવેશનમાં મુખ્ય મહેમાન તરીકે દર વર્ષે રૂ. ૨૫૦૦૦/-નું દાન અને છેલ્લા આઠ-દસ વર્ષથી મુખ્ય મહેમાન તરીકે દર વર્ષે રૂ. ૫૧૦૦૦/-નું દાન વગર માગે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાને મળેલ છે. એ જ રીતે શ્રી બાજખેડાવાળ મંડળ - આણંદને અલગ-અલગ પ્રોજેક્ટ તથા અલગ અલગ પ્રોગ્રામ માટે અંદાજિત રૂ. ૨.૫ લાખથી વધુ રકમ દાન પેટે મળેલ છે. આ સિવાય લગભગ જ્ઞાતિ-સમાજના બધા ગામોમાં નાના-મોટા દાનની સરવણી તેઓશ્રી વહાવતા હતા. તેમના દુઃખદ અવસાનથી જ્ઞાતિ-સમાજને એક ભામાશાની ખોટ પડી છે. પરમ કૃપાળુ પરમાત્મા તેમના નશ્વર દેહ જ્યાં પણ પહોંચે ત્યાં સુખ-શાંતિ અર્પે તેવી સમગ્ર સમાજની પ્રાર્થના.

સુખી જીવન જીવવાની માસ્ટર કી એટલે જ સી. કે. ભટ્ટ. તેઓ ૯૪ વર્ષ સુધી વ્યસ્ત, મસ્ત અને જબરમસ્ત રીતે જીવીને ખરેજ સૌને જીવનનો મર્મ સમજાવી ગયા છે ત્યારે આ દિવ્ય અને ભવ્ય આત્માને ભાવવંદના કરતા દિલ પોકારી ઉઠે છે કે, હર પળે હર કાર્યમાં આવશે. સી. કે. ભટ્ટ સાહેબનું સ્મરણ, ક્યારે વિસરાશે નહિ. સી. કે. ભટ્ટના મીઠાં સ્મરણ.

**ભૂપેન્દ્રભાઈ ખંભોળજા-પ્રમુખ સમીરભાઈ દવે-મંત્રી**
**તથા ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ તથા કારોબારી સભ્યશ્રીઓ**
**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા - અમદાવાદ**

**અરૂણભાઈ શેલત-પ્રમુખ પ્રણવભાઈ જોષી-મંત્રી**
**તથા હોદ્દેદારશ્રીઓ તથા કારોબારી સભ્યશ્રીઓ**
**શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી. - અમદાવાદ**

**અનિલભાઈ ઠાકર-પ્રમુખ કિરીટભાઈ દવે-મંત્રી**
**તથા ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ તથા કારોબારી સભ્યશ્રીઓ**
**શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી - વિદ્યાનગર**

**કિરીટકુમાર દવે-પ્રમુખ રાજેશકુમાર દવે-મંત્રી**
**તથા કારોબારી સભ્યશ્રીઓ**
**શ્રી બાજખેડાવાળ મંડળ, આણંદ**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૨૦૦૦/-ના દાતા



**શ્રી કોકિલાબેન અનિલકુમાર દેસાઈ**

જન્મ તા. ૦૨-૦૬-૧૯૫૨

મોહનલાલ અમરતલાલ ભટ્ટ (પિતા)  મંગળાગૌરી મોહનલાલ ભટ્ટ (માતા)

મૂળ વતન - ઉમરેઠ  હાલ - અમદાવાદ

: સૌજન્ય :

વૈશાલી અનિલભાઈ દેસાઈ

પૂર્વી ધવલકુમાર પાઠક (રીંકુ એ. દેસાઈ)

ધવલ નરેન્દ્રભાઈ પાઠક

વેદા ધવલ પાઠક

**Veda Gentech Serves Yout It Needs**

**IT sales - Supports**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ

## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૫૦૦૦/-ના દાતા



**સ્વ. અ.સૌ. મનહરબાળા (મનુબેન) વિઠ્ઠલરાય ભટ્ટ**

**જન્મ. તા. ૧-૧૨-૧૯૩૫**  **અક્ષરનિવાસી તા. ૧૩-૧૦-૨૦૧૬**

## ચતુર્થ પૂણ્યતિથીએ શ્રદ્ધાંજલિ

**વીઠ્ઠલરાય જે. ભટ્ટ (IRS)**

**સૌ. સ્મિતા શુકલ**  **સૌ. નીતા પંડયા**

**સૌ. ટીના પંડ્યા**  **સૌ. પીન્કી દેસાઈ**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ

## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૧૫૫૧/–ના દાતા



**અ.સૌ. ઊર્મિલાબેન અશ્વિનભાઈ દવે તથા**

**શ્રી અશ્વિનભાઈ ચતુરભાઈ દવેની ૫૦મી લગ્નજયંતિ પ્રસંગે**


તા. ૦૭–૦૫–૧૯૭૧ તા. ૦૭–૦૫–૨૦૨૦ (૫૦મું વર્ષ)

એક બીજા ને ગમતા રહિયે
કઈ ખટકે તો ખમતાં રહિયે
સંજોગો કેવા પણ સર્જાય
થોડા થોડા નમતાં રહિયે
સ્વાર્થિ – સાંકડા સંકુચિત ન રહેતા
નદીના નીર થઈ વહેતા રહિયે
વાત અંદર અંદર ન વાગોળતા
એક મેક ને કહેતા રહિયે
પડી ગાંઠના સરવાળા – બાદબાકી ન કરતાં
મીઠા સંબંધોનો ગુણાકાર કરતાં રહિયે...

| | |
|---|---|
| **શ્રી હિતેષ એ. દવે** | **અ.સૌ. ક્રિષ્ના હિતેષ દવે** |
| **શ્રી રાજેષ એ. દવે** | **અ.સૌ. રિના રાજેષ દવે** |
| **શ્રી દિપકકુમાર એસ. ભટ્ટ** | **અ.સૌ. દિપીકા ડી. ભટ્ટ** |
| **શ્રી પંકજકુમાર પી. ત્રિવેદી** | **અ.સૌ. નીતાબેન પી. ત્રિવેદી** |
| **શ્રી કેયુરકુમાર વી. શેલત** | **અ.સૌ. મીનાબેન કે. શેલત** |

**તૃપલ, વ્રજ, પુર્વા, રુત્વા, હર્ષ, તરૂણ, મીત, હેત**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદના ટ્રસ્ટીશ્રી



**શ્રી શૈલેષભાઈ નટવરલાલ જોષી**
**તા. ૧૫-૦૯-૧૯૫૯**

### ॥ જન્મદિનના વધામણા ॥

**આજનો દિવસ**

સોનેરી સવાર સાથે આવ્યો છે એક મીઠી યાદ ભરી આવ્યો છે
દુ:ખને હંફાવે એવી ખુશી સાથે સિતારો જમીન પર આવ્યો છે
શીતળતા સાથે હુંફ આપતો એક સ્પર્શ સાથે લાવ્યો છે.
એકાંતમાં મૌન અને મૌનમાં એકાંતનું કારણ બનીને આવ્યો છે
હજારો તારાઓનો સાથ છોડી સિતારો જમીન પર આવ્યો છે
રોજ તો આવે છે અને વીતી જાય છે દિવસો,
પણ આજનો સુરજ સવારે ઉઠવાનું કારણ બનીને આવ્યો છે
જન્મ દિવસ તો બસ બહાનું છે પરંતુ તે આપના નામનો તહેવાર સાથે લાવ્યો છે.

**શુભેચ્છક**
**સ્વ. નટવરલાલ સોમેશ્વર જોષી તથા**
**સ્વ. જયાબેન નટવરલાલ જોષી પરિવાર**

## શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી

દવે માણેકજી બેચરજી બાજખેડાવાળ છાત્રાલય, રાજેન્દ્ર માર્ગ, નાના બજાર,
વલ્લભ વિદ્યાનગર–૩૮૮૧૨૦, તા. જી. આણંદ. (મો.) ૯૨૬૫૯૦૭૬૬૦

**બહુજન હિતાય બહુજન સુખાય** – શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી દ્વારા જ્ઞાતિ સમાજના ઉત્કર્ષમાં વધુ એક સેવાની શરૂઆત કરી રહ્યા છીએ. આજના આ ભાગાદોડીના જમાનામાં માણસ પાસે પોતાના માટે ટાઈમ હોતો નથી સાથે સાથે ફાસ્ટફુડ અને બહારની ખાવાનું વધ્યુ હોવાથી શરીરમાં ઘણી નાના–મોટી વિકૃતિઓ પેદા થતી હોય છે. આ વિકૃતિઓને ઘરમાં જ વપરાતી વસ્તુથી આપણે દૂર કરી શકીએ તેવા શુભ આશયથી ઘણા બધા પ્રયત્નોને અંતે જંબુસર રોડ પર અભોર (માસર) સ્થિત રસોડા વૈદ્યશ્રીએ આપણને નિયમિત રીતે ચકાસવા માટેની સેવા આપવાનું જણાવેલ છે. નીચે મુજબની વિગતથી સમગ્ર ગુજરાતમાંથી કોઈપણ જ્ઞાતિજન આનો લાભ લઈ શકે છે.

**નીચે મુજબની સુચનાઓનું ખાસ પાલન કરવાનું રહેશે નહી તો ચકાસવામાં આવશે નહીં.**

(૧) દર મહિનાના પહેલા સોમવારે સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ અને જો જરૂર પડશે તો બપોર પછી પણ જોવામાં આવશે હાલ પુરતું સવારે ૯.૦૦ થી ૧૨.૦૦નો સમય રાખેલ છે. (૨) આ વૈદ્યરાજ નાડી જોઈને દવા આપે છે જેથી તમારે કોઈપણ પ્રશ્ન પૂછવાનો નથી કે ચાલુ દવાઓની ફાઈલ કે બીજું કશું સાથે લાવવાનું નથી (૩) ૧૦ વર્ષથી ઉપર અને ૭૫ વર્ષ સુધીની ચિકિત્સા કરવામાં આવશે. (૪) પ્રત્યેક વ્યક્તિ દીઠ રૂ. ૧૦/– સેવા પેટે આપવાના રહેશે. (૫) સામાન્યતઃ રસોડામાં વપરાતી વસ્તુઓ જ દવાના ભાગરૂપે આપતા હોય છે જેની માહિતીનો કાગળ તમને જોયા પછી આપી દેવામાં આવશે (૬) આ અંગે કોઈપણ જાતની પૂછપરછ કરવાની જરૂર નથી જેની ખાસ નોંધ લેશો.

આજની આ મોઘવારીમાં એલોપેથી દવાના મોઘા ભારણ લઈ શરીરને બગાડવું એના કરતા આ ચિકિત્સા કરાવવી સૌ જ્ઞાતિજનો માટે વધુ લાભદાયક છે.

**અગત્યની જરૂરી સુચના :**

તમને સૂચવવામાં આવેલ દવા ઓછામાં ઓછા ૬ મહિના સુધી લેવાની રહેશે ૬ માસ નિયમિત દવા લીધેલી હોય તેવા લોકોએ ૬ મહિના બાદ ફરી બતાવવા આવવાનું રહેશે. આ દવા માત્રને માત્ર શરીરની ધમની શીરાઓ અને પાચન ક્રિયા કુદરતી હાજત જેવી વસ્તુઓને નિયમિત કરવા માટે જ છે. આ વૈદ્ય આર્થોપેડીક, ડાયોબિટીસ, બી.પી. કે એવી બિમારીનો ઈલાજ કરતા નથી જેનુ પેટ સાફ એનું જીવન સરળ તે ઉદ્દેશથી કામ કરવામાં આવે છે.

**કિરીટકુમાર દવે – મંત્રીશ્રી**
**શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી**

## શ્રી કણજરી બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ

મુ. પો. કણજરી (તા. નડિયાદ જી. ખેડા)

શ્રી કણજરી બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ દ્વારા વિદ્યાર્થીને નોટો તથા ચોપડાનું (મફત) વિતરણ કરવામાં આવેલ.

જય મહાદેવ સાથે જણાવવાનું ચાલુ વર્ષ કોરાનાની મહામારીની વચ્ચે ધોરણ કે.જી.ની ૪ ધોરણ સુધીના વિદ્યાર્થીને નોટો શ્રી કણજરી બાજખેડાવાળ જ્ઞાતિ દ્વારા વહેચવામાં (મફત) આવેલ છે.

ધોરણ-૫થી ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીને ચોપડાનું વિતરણ કરવામાં આવેલ છે. જેમાં ચોપડાનો ખર્ચે શ્રી જીગ્નેશભાઈ પ્રવીણભાઈ દવે તરફથી ઉઠાવવામાં આવે છે.

જેના માટે કણજરી બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ શ્રી જીગ્નેશભાઈ દવેનો ખૂબ ખૂબ આભાર માને છે.

વૈશ્વિક મહામારી કોરોનાને કારણે પ્રત્યેક માનવીનું જીવન અસ્તવ્યસ્ત થઈ ચુક્યુ છે અને કેટલાય લોકોએ પોતાના અમૂલ્ય જીવ ગુમાવ્યા છે. કણજરી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજ પણ તેમાંથી બાકાત રહી શક્યો નથી.

કણજરી ગામના રહેવાસી સ્વ. શ્રી શૈલેષભાઈ રમેશભાઈ વ્યાસ કે જેઓ નાની વયની અતિશય સંઘર્ષ વેઠીને એક આદર્શ જીવન પ્રસ્થાપિત કરી શક્યા અને છેલ્લા ૨૮ વર્ષોથી કણજરી નગરપાલિકામાં સેવારત હતા અને જેમની સેવાનો લાભ નહીં કે ફક્ત કણજરી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજ નહિ પરંતુ કણજરી ગામના દરેક સમાજના રહીશોને પણ ખૂબ મળ્યો છે. એવા ખંતીલા, ઉત્સાહી અને સેવાભાવી વ્યક્તિનું નાની વયે કોરોનાની મહામારીને લીધે દુ:ખદ અવસાન થયુ છે. જેની કણજરી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજને વિશેષતઃ ભારે ખોટ પડી છે.

કણજરી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજ શૈલેષભાઈના પરિવારને આ અતિશય ભારે દુ:ખ સહન કરવાની શક્તિ અને સામર્થ પરમાત્મા આપે તથા તેમના જેવા સેવાભાવી વ્યક્તિના સદ્‌ગત આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના.

– તરંગ જે. પંડ્યા

## શ્રી બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ

શ્રી રામનાથ મહાદેવ, ઠે. અંબામાતાના મંદિર પાસે, ચારકુવાની ભાગોળ, સોજીત્રા-૩૮૭૨૪૦ જિ. આણંદ (ગુજરાત)

### સ્વ. લક્ષ્મીબા ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી શિષ્યવૃતિની વહેંચણી

શ્રી સોજીત્રા બાજખેડાવાળ સમાજ તથા અન્ય હિંદુ સમાજનાં વિદ્યાર્થીઓને છેલ્લાં ૨૫ વર્ષથી સ્વ. લક્ષ્મીબા ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી શિષ્યવૃતિની વહેંચણી કરવામાં આવે છે. પ.પૂ. શ્રી ચંદ્રકાન્તભાઈ પી. દવે સાહેબ તા. ૨૩-૦૮-૨૦૨૦ને રવિવારે સોજીત્રા સમાજમાં પધારી સમાજ વિદ્યાર્થીઓને રોકડ સ્વરૂપે કુલ ૫૩ વિદ્યાર્થીઓને કુલ રૂ. ૪૬૦૦૦/- વહેચ્યાં હતા. તેઓશ્રી શિક્ષણરૂપી દાનની ગંગા ૧૯૯૬થી આપતા આવી રહ્યા છે. તેમની આ શિક્ષણકાર્યના દાનથી વિદ્યાર્થીઓને એક વેગ મળે છે અને પ્રગતિ કરવાની નવી ઈચ્છાઓ જાગે છે. સાચા

અર્થમાં પ.પૂ. શ્રી ચંદ્રકાન્તભાઈ દવે સાહેબ શ્રી બાજખેડાવાળ સમાજ, સોજીત્રા માટે ભામાશા જેવી પ્રતિતિ થાય છે.

આ શિષ્યવૃતિ વહેંચી તેમાં શ્રી બાજખેડાવાળ સમાજ કમિટીમાંથી સહકાર આપનારા પ્રમુખશ્રી, મંત્રી-વિક્રમભાઈ ધવે, સંદીપભાઈ ઠાકર, કારોબારી સભ્યશ્રી - મહેન્દ્રભાઈ બી. દવે, શ્રી જીતેન્દ્રભાઈ એ. જોષી, પ્રિતમભાઈ દવે, અશોકભાઈ એન. દવે, ભાવિનભાઈ શુકલ, ખજાનચી-શ્રી હરેશભાઈ એમ. દવે હાજર રહી સમાજને ઉપયોગી થયા હતા. આ ક્ષણે તેઓ સૌ સભ્યોશ્રીનો આભાર માનું છું. આ કાર્યક્રમને સફળ બનાવનાર તમામ કમિટિના સભ્યોનો ખૂબ ખૂબ આભાર.

| હરેશભાઈ એમ. દવે | બળવંતકુમાર પી. ડોળીયા | સંદીપકુમાર પી. ઠાકર |
|---|---|---|
| ખજાનચીશ્રી | પ્રમુખશ્રી | મંત્રીશ્રી |

---

## શ્રી અમરેશ્વર મહાદેવ - વારાહી માતા - કાળકા માતા તથા જલારામ બાપા ટ્રસ્ટ ઉમરેઠ

વારાહી માતા મંદિર, વારાહી ચકલ, ઉમરેઠ-૩૮૮૨૨૦ (ગુજરાત)

સર્વે જ્ઞાતિજનોને જય વારાહી માતાજી સર્વે જ્ઞાતિજનોને જણાવવાનું કે ઉપરોક્ત ટ્રસ્ટ દ્વારા અમરેશ્વર મહાદેવ મંદિરમાં તા. ૧૬-૦૮-૨૦૨૦ને શ્રાવણ વદ બારસને રવિવારના રોજ હોમાત્મક લઘુરૂદ્રનું આયોજન કરવામા આવ્યું હતું. કોરોનાની પરિસ્થિતિને કારણે યજ્ઞમાં સોશ્યલ ડિસ્ટંસ તેમજ સરકારશ્રીની ગાઈડ લાઈનનું પાલન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉમરેઠ પોલિસ સ્ટેશનના પી.એસ.આઈ। દર્શનના લાભાર્થે ઉપસ્થિત રહી યજ્ઞનું આયોજનની પ્રશંસા કરી હતી. યજ્ઞ ફક્ત એક જ યજમાન દ્વારા તેમજ મર્યાદિત સંખ્યામાં ભોજન પ્રસાદનું આયોજન કરેલુ.

**સુરેશભાઈ જોષી**
**પ્રમુખ**

---

## શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ

ઓફિસ - શ્રી નિર્મળાબેન જે. દેસાઈ, "મંગલમ સ્ટોર્સ", ઈચ્છાબેનની વાડીની બાજુમાં, પુષ્પકુંજ, કાંકરીયા, અમદાવાદ. ફોન - ૨૫૪૬૬૭૫૧, ૯૩૨૮૨૩૦૬૭૦

**અન્નપૂર્ણા સહાય યોજના**

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ અમદાવાદ દ્વારા ચાલતી આ યોજના અંતર્ગત ઉમરેઠ-ડાકોર સ્થિત જરૂરીયાતમંદ જ્ઞાતિના ભાઈ-બહેનોને દર ત્રણ મહિને ત્રણ મહિના ચાલે તેટલી અનાજ સામગ્રી-જીવન જરૂરીયાતની ચીજ વસ્તુઓ પહોંચતી કરવામાં આવે છે. આ માટે અમારી સંસ્થાને જ્ઞાતિના ઉદાર દાતાશ્રીઓ તરફથી સતત દાન-ફંડ મળતુ રહે છે. આ મહિને અમોને નીચે મુજબ દાન-ફંડ મળેલ છે. અમો સર્વે દાતાશ્રીઓનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

(૧) શ્રી માર્કેન્ડભાઈ સી. દેસાઈ (વડોદરા) તરફથી (શ્રાદ્ધપક્ષ નિમિત્તે) સ્વ.શ્રી ચીમનલાલ મહાશંકર દેસાઈના સ્મરણાર્થે રૂ. ૬૦૦૦/- (૨) શ્રી માલતીબેન પ્રફુલચંદ્ર ઠાકર તરફથી

સ્વ. શ્રી પ્રફુલચંદ્ર ઠાકરના સ્મરણાર્થે રૂ. ૩૦૦૦/- (૩) શ્રી પ્રણવભાઈ રાજેન્દ્રભાઈ દવે (ગાંધીનગર) રૂ. ૬૦૦૦/- (૪) કુમારી રીદ્ધિ વૈભવભાઈ ભટ્ટના જન્મદિન નિમિત્તે રૂ. ૧૦૦૧/- (૫) શ્રીમતી ઉષાબેન રમાકાંતભાઈ ત્રિવેદીના જન્મદીન નિમિત્તે રૂ. ૧૦૦૧/- (૬) સ્વ. શ્રી શૈલેન્દ્ર સી. દવે રૂ. ૧૦૦૧/-

**ડૉ. ચંદ્રપ્રસાદ ત્રિવેદી પુસ્તક વિતરણ યોજના**

આ યોજના અંતર્ગત જ્ઞાતિની ધો. ૧ થી ૧૨ અભ્યાસ કરતી દીકરીઓને સરકાર માન્ય પુસ્તકોની કિંમત જેટલી રકમ આપવામાં આવે છે (અમદાવાદ સ્થિત) જે દર જૂન માસમાં અપાય છે. આ વખતે વર્તમાન કોરોનાની પરિસ્થિતિને ધ્યાનમાં તા. ૧૫-૧૧-૨૦૨૦ સુધીમાં દરેક વિદ્યાર્થીની દીકરીઓએ પોતાની માર્કસશીટની ઝેરોક્ષ કોપી તેની પાછળ ભૂલ્યા વગર પોતાનું સરનામુ અને મોબાઈલ નંબર કે અન્ય કોન્ટેક્ટ નંબર અચૂક લખીને (મંગલમ્ સ્ટોર્સ, પુષ્પકુંજ, કાંકરીયા) દરવાજામાં લટકતી થેલી કે લેટર બોક્સમાં મુકીને નીકળી જવું. આપ સર્વે લાભાર્થીઓને અમારી અનૂકુળતા મુજબ ફોન કરીને જે તે દિવસનો ટાઈમ આપીને આવવા જણાવીશું. ત્યારે જ રૂબરૂ આવવાનુ રહેશે. આ સિવાય કોઈએ રૂબરૂ મુલાકાત માટે આગ્રહ રાખવો નહીં. (તા.ક. કોન્ટેક્ટ નંબર અવશ્ય લખશો.)

**કેળવણી વિષયક શૈક્ષણિક ઈનામ વિતરણ**

દર વર્ષે નવરાત્રિ દરમિયાન ધો. ૧૦, ૧૧, ૧૨ તથા કોલેજના દરેક ક્ષેત્રમાં અભ્યાસ કરતી જ્ઞાતિની દીકરીઓ (અમદાવાદ સ્થિત)ને પાસ થવા બદલ શૈક્ષણિક ઈનામ આપવામાં આવે છે. આ માટે અમોને જ્ઞાતિના ઉદાર દાતાશ્રી તરફથી જે શૈક્ષણિક તથા કેળવણી વિષયક ટ્રસ્ટ ફંડ આપવામાં આવેલ છે. તેના વ્યાજમાંથી આ ઈનામ અપાય છે. આ માટે તા. ૧૫-૧૧-૨૦૨૦ સુધીમાં સરનામુ-કોન્ટેક્ટ નંબર માર્કશીટની ઝેરોક્ષ કોપી પાછળ અવશ્ય લખવું અને ઉપર મુજબના દરેકને ફોન કરીને તેમના ઈનામ લેવા જાણ કરવામાં આવશે.

**સ્વ. શ્રી મનહરબાળા મેડીકલ પારિતોષીક -૨૦૧૭**

આ ટ્રસ્ટ ફંડ અંતર્ગત મેડીકલમાં અભ્યાસ કરીને પાસ થયેલ દરેક દીકરીઓએ પોતાની માર્કશીટ, ટે.નંબર, સરનામાં સાથે ઉપર મુજબ પહોંચતી કરવી. આ ટ્રસ્ટ ફંડના વ્યાજમાંથી ઈનામ વહેંચવામાં આવશે.

**અન્ય દાન**

(૧) ચિ.રેયાંશના જન્મદિવસ નિમિત્તે - વિધીબેન કોટડિયા તરફથી રૂ. ૩૦૦૦/- (૨) નિલાબેન જયેશભાઈ દવે તરફથી - અધિક માસ નિમિત્તે રૂ. ૧૫૦૦/- દાન મળેલ છે.

**મંત્રીશ્રી** — **બેલાબેન દેસાઈ / ભોપીબેન ભટ્ટ**

**પ્રમુખ** — **કલ્પનાબેન ખંભોળજા**

## ધી અમદાવાદ બાજખેડાવાળ એજ્યુકેશન એન્ડ કલ્ચરલ સોસાયટી

શ્રી પ્રાણશંકરભાઈ હોલ, પ્રાણકુંજ સોસાયટી, ભૈરવનાથ રોડ, અમદાવાદ. ફોન - ૨૫૪૩૨૦૪૦

ચાલુ વર્ષે કોરોના રૂપી મહામારીથી દેશ અને દુનિયા તેની ઝપટમાં આવી ગઈ છે. આવા સંજોગોમાં સંસ્થા તરફથી ચાલુ વર્ષે નોટબુક વિતરણ કાર્યક્રમ, ઈનામ વિતરણ કાર્યક્રમ મુલત્વી રાખવામાં આવેલ છે.

## ફી સહાય ગણવેશ સહાય ધો.૧ થી કોલેજ સુધી

તા. ૦૫-૧૦-૨૦૨૦થી ધો. ૧ થી લઈને કોલજમાં અભ્યાસ કરતા સભ્યોના બાળકોને ફી સહાયના ફોર્મ વિતરણ કરવામાં આવનાર છે તો આ ફોર્મ શ્રી પ્રાણશંકરભાઈ હોલ ઉપરથી તા. ૦૫-૧૦-૨૦૨૦ મેળવી લેવા વિનંતી ફોર્મ સવારે ૧૦.૦૦ વાગ્યાથી સાંજના ૬.૦૦ વાગ્યા સુધી આપવામાં આવશે. આ ફોર્મ માંગેલ વિગતો સાથે ભરીને તા. ૩૧-૦૧-૨૦૨૧ સુધીમાં કાર્યાલયમાં પહોંચતા કરવાના રહેશે. ત્યારબાદ આવેલ ફોર્મ માન્ય ગણવામાં આવશે નહીં. જેની સૌ જ્ઞાતિજનોએ નોંધ લેવા વિનંતી.

### સંસ્થાને મળેલ દાનની વિગત

### એજ્યુકેશન ફંડ

રૂ. ૧૧૦૦૦/- સ્વ. શ્રી વિદ્યાબેન બળવંતરાય શેલતના સ્મરણાર્થે, હસ્તે નયનબાળાબેન મનોહરભાઈ ભટ્ટ તરફથી, રૂ. ૫૧૦૦૦/- સ્વ. ડૉ. શ્રી વિનોદાબેન રમેશચંદ્ર દવેના સ્મરણાર્થે હસ્તે ડૉ. રમેશચંદ્ર મનુભાઈ દવે તરફથી, રૂ. ૧૫૦૦૦/- શ્રી વિરેન્દ્રભાઈ શીવપ્રસાદ દેસાઈ તરફથી, રૂ. ૧૦૦૦૦/- સ્વ. શ્રી ગૌરાંગભાઈ મહેન્દ્રભાઈ ભટ્ટના સ્મરણાર્થે હસ્તે ફાલ્ગુની રવિશંકર દાવરા તરફથી

### હોલ અનુદાન

રૂ. ૫૧૦૦૦/- સ્વ. નરોત્તમદાસ કૃપાશંકર શેલત તથા સ્વ. ગં.સ્વ. શાંતાબેન એન. શેલતના સ્મરણાર્થે, હસ્તે શ્રી જગદીશભાઈ એન. શેલત તરફથી, રૂ. ૫૧૦૦૦/- સ્વ. ચીમનલાલ અનોપરામ જોષી તથા સ્વ. ગં.સ્વ. શાંતાબેન ચીમનલાલ જોષીના સ્મરણાર્થે, હસ્તે પ્રેમીલાબેન જે. શેલત તરફથી

### અન્નપૂર્ણા યોજના

રૂ. ૧૦૦૦/- શ્રી સમીરભાઈ એસ. દવે તરફથી, રૂ. ૫૦૦૦/- સ્વ. શ્રી હસમુખભાઈ લક્ષ્મીશંકર દવેના સ્મરણાર્થે, હસ્તે શ્રી નલીનીબેન હસમુખભાઈ દવે તરફથી, રૂ. ૫૦૦૦/- શ્રી નિલમબેન અતુલકુમાર દેસાઈ તરફથી, રૂ. ૫૧૦૦૦/- શ્રી શૈલેશભાઈ હીરાલાલ ભટ્ટ તરફથી, રૂ. ૧૫૦૦/- શ્રી એમ. ડી. ભટ્ટ તરફથી

### વિધવા-વિધુર-ત્યક્તા મેડીકલ સહાય

રૂ. ૨૫૦૦/- ગં.સ્વ. સરોજબેન ભાસ્કરભાઈ ઠાકર તરફથી, રૂ. ૫૦૦૦/- શ્રી રંજનાબેન અજયભાઈ દેસાઈ તરફથી, રૂ. ૨૧૦૦૦/- શ્રી શૈલેશભાઈ હીરાલાલ ભટ્ટ તરફથી, રૂ. ૧૫૦૦/- શ્રી એમ. ડી. ભટ્ટ તરફથી

સંસ્થા સૌ જ્ઞાતિજનોના આભારી છે. ચાલુ વર્ષે હાલ સરકારી ગાઈડલાઈન હોવાના કારણે કાર્યક્રમો બંધ રાખવામાં આવેલ છે. કાર્યક્રમોની શરૂઆત થશે ત્યારે વોટ્સએપ, પત્રિકા કે પછી બાજગાથા મારફત જાણ કરવામાં આવશે જેનથી સૌ જ્ઞાતિજનોએ નોંધ લેવી.

**કમલેશ જે. ભટ્ટ** — **પ્રમુખ**

**રાકેશ એમ. ભટ્ટ/ હેતલકુમાર બી. ભટ્ટ** — **મંત્રી**

# ધીમે ચાલ જિંદગી મારાથી હંફાઈ જવાય છે.

તું દોડતી જાય છે ને મારાથી ચલાતું પણ નથી, માટે
ધીમે ચાલ જિંદગી મારાથી હંફાઈ જવાય છે.

ઘણા બધા સપનાઓ છે મારી આંખોમાં
થોડાક તે બતાવેલા, થોડાક મેં સંગરેલા,
કેટલાંક સંબંધો છે મારી સાથે જોડાયેલા,
ઘણા બધા ઈશ્વરે આપેલા ને થોડા મેં બનાવેલ
એ બધા મારાથી છૂટી ન જાય એ માટે
ધીમે ચાલ જિંદગી મારાથી હંફાઈ જવાય છે.

કેટલીક લાગણીયો છે હૃદયમાં ઘણી બધી ગમતી થોડી અણગમતી
કેટલીક જિમ્મેદારીઓ છે, થોડીક જબરદસ્તી થોપેલી
થોડીક મેં સ્વીકારેલી એ બધાનું ભાર ઉંચકી ને ચાલી શકુ એ માટે
ધીમે ચાલ જિંદગી મારાથી હંફાઈ જવાય છે.


કેટલાકના હૃદયમાં સ્થાન બનાવવું છે,
ને ઘણાય હૃદયમાં સ્થાન ટકાવવું છે,
કુદરતની સુંદરતાને માણવી છે, ને કંઈક કરી બતાવવું છે.
જિમ્મેદારી ઓ સાથે પોતાના સપના પણ પુરા કરી શકુ એ માટે
ધીમે ચાલ જિંદગી મારાથી હંફાઈ જવાય છે.

કોઈને કડવાસથી યાદ કરું એવા વ્યવહાર ટાળ્યા છે,
લોકોના હૃદયમાં હંમેશા મુસ્કુરાતી યાદ બનીને રહું એવા પ્રયત્ન કર્યા છે.


ભૂલથી પણ કોઈના હૃદયને ઠેસ ન પહોંચે એવી પ્રભુ પાસે પ્રાર્થના કહી છે.
એ પ્રાર્થના ને વાસ્તવિકતામાં જોઈ શકુ એ માટે
ધીમે ચાલ જિંદગી મારાથી હંફાઈ જવાય છે.

રેતીની જેમ સમય મુઠ્ઠીમાંથી સરકે છે.
આજે સાથે ચાલીએ છીએ કાલે સાથ છૂટી જાય ખુબ પ્રેમ કરુ છુ તને,
આપણા બંનેનું સાથ યાદગાર બને એ માટે
ધીમે ચાલ જિંદગી મારાથી હંફાઈ જવાય છે.
મારાથી ખરેખર હંફાઈ જવાય છે.

| | | |
|---|---|---|
| Name | : | Ku. Richa Rakesh Dave |
| Height | : | 5‘-3’’ |
| Weight | : | 60 Kg. |
| Birth Date | : | 20-03-1995 |
| Birth Time | : | 12.35 a.m. |
| Birth Place | : | Chennai |
| Education | : | M.Pharm (Pharmaceutics), Ph.D. Pursuing |
| Profession | : | Assitant Professor, RPCP-Charusat, Changa |
| Monthly Income | : | - |
| Native Place | : | Sojitra |
| Mother Name | : | Smt. Pragnaben Rakesh Dave |
| Borther/Sisters | : | - |
| Maternal Place | : | Lt. Indravadanbhai P. Thaker (Grand Father) Chennai |
| Father | : | Rakesh Bhaskarbhai Dave |
| Address | : | No. 14, Ashavihar Flats, B/h. Big Bazar, Kamla Park Road, Anand-388001 |
| Mobile No. | : | 9726539712 (Mother), 9825964854 (Father) |
| E-mail | : | rakeshdave2011@gmail.com |
| Choice | : | Looking For Career, Oriented, Eduivalent, Higher Educational Qualification, Hardworking & Understanding |
| Gotra | : | Vachhas |
| Nakshatra | : | Swati-2-Revati |
| Rashi | : | Tula |
| Nadi | : | Antya |
| Gan | : | Dev |
| Varna | : | Shudra |
| Yoni | : | Mahishi |
| Varg | : | Mrug |




| | | |
|---|---|---|
| Name | : | Dr. Vaibhavi Prashantbhai Joshi |
| Height | : | 5‘-3’’ |
| Weight | : | 53 Kg. |
| Birth Date | : | 13-01-1995 |
| Birth Time | : | 19.50 (7.50 p.m.) |
| Birth Place | : | Nadiad |
| Education | : | M.D.S. (Prosthodontics & Maxillofacial Prosthesis) (Master of dental Surgery - Pursuing from Dharmsinh Desai Dental College, Nadiad - B.D.S. passed form Dharmsinh Desai College, Nadiad-1 |
| Profession | : | Study in MDS. (Left job as a tutor at Dharmsinh Desai Dental College) |
| Monthly Income | : | - |
| Native Place | : | Umreth |
| Mother Name | : | Tribandhiben Prashantbhai Joshi |
| Borther/Sisters | : | 1-Sister |
| Grand Father | : | Vinodray Bhalashanker Joshi - Advocate |
| Uncle | : | Hetalkumar V. Joshi - Principal Senior Civil Judge, Gandhinagar |
| Maternal Place | : | Haldharbhai Shankerlal Thaker-Nadiad |
| Father | : | Prashant Vinodray Joshi |
| Address | : | E-1, 103, Satyamev Judical Officers colony, Near Gayatrinagar, Opp. Chandramuleshwar Mahadev’s Temple, Near BHEL Colony, Gotri, Vadodara |
| Mobile No. | : | 9427358944 (Whatapp), 8141810808 |
| E-mail | : | pvjoshijudge@gmail.com |
| Choice | : | Well Educated and Cultured Family |
| Gotra | : | Chitranas |
| Nakshatra | : | Rohini |
| Rashi | : | Vrushabh (Taurus) |
| Nadi | : | Antya |
| Gan | : | Manushya |
| Varna | : | Vaishya |
| Yoni | : | Sarp |
| Varg | : | Mrug |




| | | |
|---|---|---|
| નામ | : | કુ. દિવ્યા કમલેશકુમાર તરવાડી (ત્રિવેદી) |
| ઊંચાઈ | : | ૫'–૬'' |
| વજન | : | |
| જન્મ તારીખ | : | ૧૫–૦૮–૧૯૯૫ |
| જન્મ સમય | : | ૦૫.૩૦ |
| જન્મ સ્થળ | : | જામનેર (મહારાષ્ટ્ર) |
| અભ્યાસ | : | M.S.C. Biotechnology Second Class<br>કિરીટ સોમૈયા યુનિવર્સિટી – મુંબઈ (મહારાષ્ટ્ર) |
| વ્યવસાય | : | – |
| માસિક આવક | : | – |
| મૂળ વતન | : | નિઝર, તા. નિઝર, જી. તાપી (વ્યારા) |
| માતાનું નામ | : | મમતાબેન તરવાડી |
| ભાઈ/બહેન | : | |
| મોસાળ | : | |
| પિતા | : | કમલેશકુમાર તરવાડી |
| સરનામું | : | હાટકેશ્વર મહાદેવ પાસે, નિઝર, તા. નિઝર, જી. તાપી (વ્યારા) |
| ફોન નં. | : | – |
| મોબાઈલ નં. | : | |
| ઈ–મેઈલ | : | |
| સંપર્ક | : | સુશીલકુમાર નવનીતલાલ તરવાડી – સુરત |
| ફોન નંબર | : | ૯૮૨૫૧૨૧૩૩૦ |
| પસંદગી | : | સમકક્ષ મિલનસાર |
| નોંધ | : | બાજખેડાવાળ બ્રાહ્મણ, અન્ય ઉચિત બ્રાહ્મણ (મહારાષ્ટ્રીયન) |

| | | |
|---|---|---|
| ગોત્ર | : | કૌશિક |
| નક્ષત્ર | : | રેવતી |
| રાશિ | : | – |
| નાડી | : | અંત્ય |
| ગણ | : | – |
| વર્ણ | : | – |
| યોનિ | : | – |
| વર્ગ | : | – |




| | | |
|---|---|---|
| Name | : | Ku. Mansi Ramakantbhai Shukla |
| Height | : | 5‘-3’’ |
| Weight | : | 55 Kg. |
| Birth Date | : | 30-07-1995 |
| Birth Time | : | 03.35 a.m. |
| Birth Place | : | Vadodara |
| Education | : | Diploma in Information Technology,<br>B.E. in Information Technology |
| Profession | : | - |
| Monthly Income | : | - |
| Native Place | : | Umreth |
| Mother Name | : | - |
| Borther/Sisters | : | 1-Brother-Unmarried |
| Maternal Place | : | - |
| Father | : | Ramakantbhai Ghanshyambhai Shukla |
| Address | : | 42/329, Ankur Housing Board, Nr. Mayur Park,<br>Laxmipura Road, Laxmipura, Vadodara-390023 |
| Mobile No. | : | 9979328600 |
| E-mail | : | mansi30795@yahoo.com<br>ashishshukla2111994@gmail.com |
| Choice | : | - |
| Note | : | - |

| | | |
|---|---|---|
| Gotra | : | Gautamas |
| Nakshatra | : | Magha |
| Rashi | : | Leo |
| Nadi | : | Antya |
| Gan | : | Rakshas |
| Varna | : | Kshatriya |
| Yoni | : | Oondar |
| Varg | : | Oondar |




| | |
|---|---|
| Name | : Ku. Helly Samir Dave |
| Height | : 5'-2'' |
| Weight | : 55 Kg. |
| Birth Date | : 10-09-1996 |
| Birth Time | : 11.15 a.m. |
| Birth Place | : Ahmedabad |
| Education | : B.Com., M.Com., Sanitary Inspector, PGDF, PGDHR |
| Profession | : Working Dad's Business |
| Monthly Income | : - |
| Native Place | : Umreth |
| Mother Name | : Shilpa Samir Dave |
| Borther/Sisters | : 1-Brother |
| Maternal Place | : - |
| Father | : Samir Rameshchandra Dave |
| Address | : 14, Pujya Apptment, Times of India Press Road, Shyamal, Satellite, Ahemdabad |
| Phone No. | : |
| Mobile No. | : 9377725199, 9825325199 |
| E-mail | : - |
| Choice | : - |
| Note | : Straight, Forward & Educated |

| | |
|---|---|
| Gotra | : Vachchas |
| Nakshatra | : Ashlesha-3 |
| Rashi | : Kark |
| Nadi | : Antya |
| Gan | : Rakshas |
| Varna | : Bramin |
| Yoni | : Manjar |
| Varg | : Shwan |




નામ : કુ. નિયતિ ભાસ્કરભાઈ શેલત ઊંચાઈ : ૫'–૬'' વજન : ૪૮ કિલો
જન્મતારીખ : ૧૬–૧૨–૧૯૯૦ જન્મસ્થળ : ઉમરેઠ જન્મસમય : ૦૩.૦૦ રાત્રે
અભ્યાસ : બી.કોમ., પી.જી.ડી.એમ. (માર્કેટીંગ) એમ.એસ.યુ.–વડોદરા
મૂળવતન : ઉમરેઠ વ્યવસાય : નોકરી–વડોદરા
માસિક આવક : –
ગોત્ર : ઉપમન્યસ
રાશિ : વૃશ્ચિક
નક્ષત્ર : અનુરાધા
નાડી : મધ્ય
માતાનું નામ : અલકાબેન ભાસ્કરભાઈ શેલત
ભાઈ/બહેન : ૧–બહેન–પરિણત
પિતાનું નામ : ભાસ્કરભાઈ રામચંદ્ર શેલત
સરનામું : ૨૮–એ, જયમંગલ સોસાયટી, ઝવેરનગર પાછળ, વાઘોડીયા રોડ, વડોદરા–૩૯૦૦૧૯
ફોન/મોબાઈલ : ૦૨૬૫–૨૫૧૫૯૯૩ (મો.) ૯૯૨૫૦૦૨૬૬૩, ૯૪૨૭૮૦૧૨૫૪
ઇ–મેઈલ : bhaskarshelat2661@yahoo.com
નોંધ : મંગળ છે.




---

નામ : ચિ. રવિ હર્ષદરાય દવે ઊંચાઈ : ૫'–૧૦'' વજન : ૬૧ કિલો
જન્મતારીખ : ૧૦–૦૩–૧૯૮૫ જન્મસ્થળ : આણંદ જન્મસમય : ૧૧.૩૫ દિવસે
અભ્યાસ : એમ.કોમ.
મૂળવતન : ઉમરેઠ વ્યવસાય : નોકરી
માસિક આવક : –
ગોત્ર : પૌનસ
રાશિ : તુલા
નક્ષત્ર : સ્વાતિ
નાડી : અંત્ય
માતાનું નામ : નિરંજનાબેન હર્ષદરાય દવે
ભાઈ/બહેન : ૨–બહેન–પરણિત
પિતાનું નામ : હર્ષદરાય અચરતલાલ દવે
સરનામું : ૨, પૂર્વ–પશ્ચિમ પાર્ક, ચૈતન્ય વિહાર પાછળ, અક્ષર ફાર્મ, વિદ્યાનગર રોડ, આણંદ–૩૮૮૦૦૧
ફોન/મોબાઈલ : ૦૨૬૯૨–૨૪૮૨૦૨ (મો.) ૯૪૨૭૧૭૮૩૮૫




નામ : ચિ. જીગર હેમંતકુમાર ભટ્ટ ઊંચાઈ : '-'' વજન : કિલો

જન્મતારીખ : ૧૩-૦૯-૧૯૮૯ જન્મસ્થળ : ચૈન્નઈ જન્મસમય :

અભ્યાસ : એમ.એસ.ડબલ્યૂ

મૂળવતન : ઉમરેઠ વ્યવસાય : -

માસિક આવક : રૂ. ૨૦,૦૦૦/-




ગોત્ર : ચિત્રાનસ

રાશિ : મકર

નક્ષત્ર : ધનિષ્ઠા-૧

નાડી : મધ્યમ

માતાનું નામ : ચંદ્રીકાબેન હેમંતકુમાર ભટ્ટ

ભાઈ/બહેન : ૧-ભાઈ-પરણિત

પિતાનું નામ : હેમંતકુમાર વિષ્ણુપ્રસાદ ભટ્ટ

સરનામું : બી-૨૦૭, વૃંદાવન ટાઉનશીપ, ઈસ્કોન વાસણા રોડ,
ગોત્રી, વડોદરા-૩૯૦૦૦૭

ફોન/મોબાઈલ : ૯૯૨૫૨૧૨૮૪૯

---


નામ : ચિ. તપન અશોકકુમાર દવે ઊંચાઈ : ૫'-૬'' વજન : ૫૪ કિલો

જન્મતારીખ : ૧૮-૦૭-૧૯૯૧ જન્મસ્થળ : વસો જન્મસમય : ૧૮.૩૫

અભ્યાસ : એફ.વાય.બી.એ.

મૂળવતન : વસો, હાલ માલ્ટા-યુરોપ વ્યવસાય : નોકરી

માસિક આવક : રૂ. ૪૫૦૦૦/-




ગોત્ર : ભારદ્વાજ

રાશિ : તુલા

નક્ષત્ર : ચિત્રા

નાડી : મધ્ય

માતાનું નામ : ગાયત્રીબેન અશોકકુમાર દવે


ભાઈ/બહેન : ૨-બહેન-પરણિત, ૧-ભાઈ-પરણિત

પિતાનું નામ : અશોકકુમાર ચતુરભાઈ દવે

સરનામું : ખેડાવાળ મહોલ્લો, વસો-૩૮૭૩૮૦, તા. વસો, જી. ખેડા

ફોન/મોબાઈલ : ૮૧૪૦૮૮૪૭૭૯


નામ : ચિ. વિશાલ સમીરભાઈ જોષી  ઊંચાઈ : ૫'-૮''  વજન : ૭૫ કિલો
જન્મતારીખ : ૨૫-૧૦-૧૯૯૧  જન્મસ્થળ : વડોદરા  જન્મસમય : ૦૫.૨૫ સાંજે
અભ્યાસ : ડીપ્લોમાં ઈન સિવિલ એન્જીનિયરીંગ
મૂળવતન : ઉમરેઠ  વ્યવસાય : ધંધો - કોન્ટ્રાક્ટર
માસિક આવક : રૂ. ૩૦-૩૫ હજાર




ગોત્ર : ચિત્રાણસ
રાશિ : વૃષભ
નક્ષત્ર : કૃતિકા
નાડી : અંત્ય
માતાનું નામ : રશ્મી સમીરભાઈ જોષી
ભાઈ/બહેન : ૧-ભાઈ-અપરણિત
પિતાનું નામ : સમીર ભાનુપ્રસાદ જોષી
સરનામું : એ-૧૧૧, વ્રજવિહાર સોસાયટી, વાસણા રોડ, વડોદરા-૩૯૦૦૦૭.
ફોન/મોબાઈલ : ૯૩૭૫૯૪૬૬૭૪, ૯૯૭૮૯૧૨૬૪૪


---

નામ : ચિ. નકુલ હરેશકુમાર દવે  ઊંચાઈ : ૫'-૬''  વજન : ૬૨ કિલો
જન્મતારીખ : ૨૩-૦૩-૧૯૯૨  જન્મસ્થળ : અમદાવાદ  જન્મસમય : ૦૨.૨૫ સવારે
અભ્યાસ : બી.કોમ.
મૂળવતન : નડિયાદ  વ્યવસાય : નોકરી-કોટક મહેન્દ્ર બેન્ક-મેનેજર
માસિક આવક : રૂ. ૫૦૦૦૦/-





ગોત્ર : લંકાલક્ષ્ય
રાશિ : વૃશ્ચિક
નક્ષત્ર : વિશાખા
નાડી : અંત્ય
માતાનું નામ : સ્વ. પૂર્ણિમાબેન હરેશકુમાર દવે
ભાઈ/બહેન : ભાઈ-નથી, ૩-બહેન-પરણિત
પિતાનું નામ : હરેશકુમાર અંબાલાલ દવે
સરનામું : ૧-એ, હરેકૃષ્ણા એપાર્ટમેન્ટ, મહેશકુંજ સોસાયટી બાજુમાં, કાંકરીયા, અમદાવાદ
ફોન/મોબાઈલ : ૯૮૨૫૦૬૧૧૦૧, ૯૩૨૮૮૫૮૫૬૫

નામ : ચિ. શૈલ હિતેન્દ્ર દવે ઊંચાઈ : ૬'–૦૦'' વજન : –
જન્મતારીખ : ૨૫–૦૫–૧૯૯૨ જન્મસ્થળ : ગાંધીનગર જન્મસમય : ૦૭.૨૦
અભ્યાસ : M.Tech. in Computer Science & Engineering
મૂળવતન : મહુધા વ્યવસાય : નોકરી–Senior Software Engineer at Intel-Banglore
માસિક આવક : –
ગોત્ર : વચ્છસ
રાશિ : કુંભ
નક્ષત્ર : શતભિષા
નાડી : આદ્ય
માતાનું નામ : નીપા દવે
ભાઈ/બહેન : ૧–ભાઈ–અપરણિત
પિતાનું નામ : હિતેન્દ્ર દવે
સરનામું : ૧૦૯૫, સ્વસ્તિક સોસાયટી, સેક્ટર–૨૭, ડી.એસ.પી. ઓફીસ પાછળ, ગાંધીનગર–૩૮૨૦૨૮
ફોન/મોબાઈલ : +૯૧–૮૧૨૮૧૨૧૦૦૯





નામ : ચિ. પ્રણવ હેમંતકુમાર દવે ઊંચાઈ : ૫'–૮'' વજન : ૫૦ કિલો
જન્મતારીખ : ૨૪/૨૫–૦૭–૧૯૯૩ જન્મસ્થળ : વડોદરા જન્મસમય : ૦૧.૨૫ રાત્રે
અભ્યાસ : બી.બી.એ.
મૂળવતન : ઉમરેઠ વ્યવસાય : ધંધો
માસિક આવક : રૂ. ૫૦,૦૦૦/–
ગોત્ર : કૌશિક
રાશિ : કન્યા
નક્ષત્ર : હસ્ત (૨)
નાડી : આદ્ય
માતાનું નામ : રચનાબેન હેમંતકુમાર દવે
ભાઈ/બહેન : ૨–બહેન–પરણિત
પિતાનું નામ : હેમંતકુમાર કાન્તીલાલ દવે
સરનામું : ૨૦૧, રૂદ્રાક્ષ ફ્લેટ, ગિરીરાજ એવન્યુની બાજુમાં, ટી.પી.૧૩, છાણી જકાત નાકા, વડોદરા–૩૯૦૦૨૪
ફોન/મોબાઈલ : ૯૮૨૫૦૭૬૯૫૮




| | | |
|---|---|---|
| Name | : | Chi. Shivam Tusharbhai Thaker |
| Height | : | 5‘-7’’ |
| Weight | : | 90 Kg. |
| Birth Date | : | 16-05-1993 |
| Birth Time | : | 05.20 a.m. |
| Birth Place | : | Nadiad |
| Education | : | - |
| Profession | : | PGC in Accounting, York University, Toronto |
| Monthly Income | : | - |
| Native Place | : | Nadiad |
| Mother Name | : | Smitaben T. Thaker |
| Borther/Sisters | : | 1-Sister-Married |
| Maternal Place | : | Mahendrabhai P. Dhagat |
| Father | : | Tusharbhai Chandrakantbhai Thaker |
| Address | : | 18, Muktijivan Society, Maninagar, Ahmedabad |
| Phone No. | : | 25854225 |
| Mobile No. | : | 9898970033 |
| E-mail | : | - |
| Contact | : | Tusharbhai Chandrakantbhai Thaker |
| Address | : | - |
| Phone | : | 25854225, 9898970033 |
| Choice | : | - |
| Note | : | - |


| | | |
|---|---|---|
| Gotra | : | ગાર્ગ્સ |
| Nakshatra | : | આર્દ્રા |
| Rashi | : | કુંભ |
| Nadi | : | આદ્ય |
| Gan | : | મનુષ્ય |
| Varna | : | શુદ્ર |
| Yoni | : | સિંહ |
| Varg | : | સર્પ |



| | | |
|---|---|---|
| Name | : | Chi. Chetan Dave (USA Citizen) |
| Height | : | 5‘-11’’ |
| Weight | : | 75 Kg. |
| Birth Date | : | 08-07-1970 |
| Birth Time | : | 11.15 a.m. |
| Birth Place | : | Vadodara-Gujarat |
| Education | : | Diploma Mechanical Engineer |
| Profession | : | Own Gas Station with Convenience Store at Thomastion, Maine, USA |
| Native Place | : | Umreth |
| Mother Name | : | Devilaben B. Dave (USA) |
| Borther/Sisters | : | 1-Brother, 1-Sister |
| Maternal Place | : | Late Ramanlal Bapuji Bhatt, Natha Bhatt ni Pole, Umreth |
| Father | : | Late Buddhish Chandra K. Dave |
| Address | : | Chetan Dave, C/o. “Pick Qwik”, 138, Main Street, Thomoston, Maine-04861, USA |
| Per. Address | : | 145, Asutosh Nagar Society, Karelibag, Vadodara |
| Phone No. | : | Chetan Dave - USA - +1 732-857-5751 (W/app)<br>Devilaben Dave-USA- +1 516-675-8260 (W/app)<br>Sunil Dave - Nadiad - 9879158627 (W/app) |
| Mobile No. | : | Himanshu Bhatt - Umreth - 9427591634 (W/app) |
| Choice | : | Singal / Divorcee / Widow, Age 40-45 Years Willing to settle in USA, Good looking |
| Note | : | Divorcee / USA citizen / No Kids / No Liability Form Earlier Relationship |
| Gotra | : | Vachahhas |
| Rashi | : | Sinha |
| Nadi | : | Antya |




| | | |
|---|---|---|
| Name | : | Chi. Pushkar Bhatt |
| Height | : | 5‘-11.1/2’’ |
| Weight | : | 74 Kg. |
| Birth Date | : | 23-08-1990 |
| Birth Time | : | 15.51 p.m. |
| Birth Place | : | Chennai |
| Education | : | MS In Information Systems And Operations Management, University of Florida, Gainesville, Florida. Bachelor of Engineering in Mechanical Engineering, Anna University, Chennai |
| Profession | : | Solutions Consultant at F5 Networks Inc. Seattle, Washington |
| Monthly Income | : | - |
| Native Place | : | - |
| Mother Name | : | Kamala P. Bhatt |
| Borther/Sisters | : | 1-Younger Brother |
| Maternal Place | : | - |
| Father | : | Prabhakar Bhatt |
| Address | : | J-8, 707, Provident Well Worth City, Dodda balapur Main Road, Bangalore North-562163 |
| Phone No. | : | - |
| Mobile No. | : | 9840412479 |
| E-mail | : | pkpy@hotmail.com |
| Choice | : | Preferably girl living in USA |
| Gotra | : | Chitranasa |
| Nakshatra | : | Hasta |
| Rashi | : | Kanya |
| Nadi | : | Adi |
| Gan | : | Dev-Non Manglik |
| Varna | : | - |
| Yoni | : | - |
| Varg | : | - |




| | | |
|---|---|---|
| નામ | : | ચિ. હર્ષલ મનિષકુમાર જોષી |
| ઊંચાઈ | : | ૫'-૬'' |
| વજન | : | - |
| જન્મ તારીખ | : | ૩૧-૧૨-૧૯૯૩ |
| જન્મ સમય | : | ૦૭.૨૫ સવારે |
| જન્મ સ્થળ | : | નડિયાદ |
| અભ્યાસ | : | બી.ઈ. મીકેનીકલ |
| વ્યવસાય | : | બીઝનેસ-ભારત પેટ્રોલીયમ લ્યુબ ડીસ્ટીબ્યુટર |
| માસિક આવક | : | રૂ. ૭૦,૦૦૦/- |
| મૂળ વતન | : | ઉમરેઠ |
| માતાનું નામ | : | પ્રીતિબેન જોષી |
| ભાઈ/બહેન | : | ૧-ભાઈ-અપરણિત |
| મોસાળ | : | મહુધા |
| પિતા | : | મનિષકુમાર બાબુભાઈ જોષી |
| સરનામું | : | ૩, ત્રિલોક એપાર્ટમેન્ટ, ચ્હાવાળા સોસાયટી, મણીનગર (પૂર્વ), અમદાવાદ, ગુજરાત, ભારત |
| ફોન નં. | : | - |
| મોબાઈલ નં. | : | ૯૪૨૬૩૮૯૯૧૯, ૭૬૨૪૦૧૯૯૧૯ |
| ઈ-મેઈલ | : | manish9426389919@gmail.com |
| સંપર્ક | : | - |
| સરનામું | : | ૩, ત્રિલોક એપાર્ટમેન્ટ, ચ્હાવાળા સોસાયટી, મણીનગર (પૂર્વ), અમદાવાદ, ગુજરાત, ભારત |
| ફોન નંબર | : | ૯૪૨૬૨૪૪૯૯૨ |
| પસંદગી | : | કુટુંબભાવના તથા ધાર્મિક સંસ્કારયુક્ત, સમકક્ષ અભ્યાસ |
| નોંધ | : | ગુરુના ઘરનો મંગળ છે તેથી મંગળ નિર્દોષ બને છે. |

| | | |
|---|---|---|
| ગોત્ર | : | પૌનસ |
| નક્ષત્ર | : | પુષ્ય |
| રાશિ | : | કર્ક |
| નાડી | : | મધ્ય |
| ગણ | : | દેવ |
| વર્ણ | : | વિપ્ર |
| યોનિ | : | મેષ |
| વર્ગ | : | મેષ |




| | |
|---|---|
| Name | : Chi. Ashish Ramakantbhai Shukla |
| Height | : 5‘-7’’ |
| Weight | : 52 Kg. |
| Birth Date | : 21-01-1994 |
| Birth Time | : 12.40.00 p.m. |
| Birth Place | : Ahmedabad |
| Education | : Diploma in Mechanical Engineering,<br>B.E. in Mechanical Engineering (AMIE) |
| Profession | : Engineer at Larsen & Toubro Limited-Power IC,<br>Vadodara |
| Monthly Income | : Rs. 50,000/- |
| Native Place | : Umreth |
| Mother Name | : - |
| Borther/Sisters | : 1-Sister-Unmarried |
| Maternal Place | : - |
| Father | : Ramakant Ghanshyambhai Shukla |
| Address | : 42/329, Ankur Housing Board, Nr. Mayur Park,<br>Laxmipura Road, Laxmipura, Vadodara-390023 |
| Mobile No. | : 9979328600 |
| E-mail | : ashishshukla2111994@gmail.com<br>mansi30795@yahoo.com |
| Choice | : - |
| Note | : - |

| | |
|---|---|
| Gotra | : Gautamas |
| Nakshatra | : Bharani(3) |
| Rashi | : Mesh |
| Nadi | : Madhya |
| Gan | : Manushya |
| Varna | : Kshatriya |
| Yoni | : Gaj |
| Varg | : Mrig |




| | | |
|---|---|---|
| નામ | : | ચિ. ભાર્ગવ અજય ભટ્ટ (કેનેડા પી.આર.) |
| ઊંચાઈ | : | ૫'-૭'' |
| વજન | : | ૭૦ કિલો |
| જન્મ તારીખ | : | ૨૫-૧૦-૧૯૯૦ |
| જન્મ સમય | : | ૧૦.૩૦ દિવસે |
| જન્મ સ્થળ | : | આણંદ |
| અભ્યાસ | : | બી.ટેક. (પેટ્રોલિયમ એન્જીનીયર),<br>પોસ્ટ ગ્રેજ્યુએશન પેટ્રોલિયમ એન્જિનીયરીગં કેલગરી, કેનેડા |
| વ્યવસાય | : | રીલાઈબીલીટી એન્જી., કેનેડા નેચરલ રીસોર્સ લી. કેલગરી, કેનેડા |
| માસિક આવક | : | – |
| મૂળ વતન | : | ઉમરેઠ |
| માતાનું નામ | : | પન્ના અજય ભટ્ટ |
| ભાઈ/બહેન | : | – |
| મોસાળ | : | શરદચંદ્ર રવિન્દ્ર પંડ્યા (મો.) ૯૯૨૫૨૦૮૧૬૦ |
| પિતા | : | અજય પ્રિયવદન ભટ્ટ |
| સરનામું | : | ૪, પી એન્ડ ટી. સોસાયટી, રેલ્વે ક્રોસિંગ પાસે, મણીનગર (પૂર્વ),<br>અમદાવાદ-૩૮૦૦૦૮ |
| ફોન નં. | : | ૦૭૯-૨૨૭૨૧૦૯૪ |
| મોબાઈલ નં. | : | ૯૨૭૬૦૫૫૮૪૨, ૯૪૨૮૦૦૧૩૫૮ |
| ઈ-મેઈલ | : | ajaypbhatt.aec@gmail.com |
| સંપર્ક | : | ઉપર મુજબ |
| સરનામું | : | ઉપર મુજબ |
| ફોન નંબર | : | ઉપર મુજબ |
| પસંદગી | : | – |
| નોંધ | : | નવેમ્બર-૨૦૨૦માં આવનાર છે. |

| | | |
|---|---|---|
| ગોત્ર | : | લંકાનસ્ય |
| નક્ષત્ર | : | પૂર્વાષાઢા-૨ |
| રાશિ | : | ધન |
| નાડી | : | મધ્ય |
| ગણ | : | મનુષ્ય |
| વર્ણ | : | ક્ષત્રિય |
| યોનિ | : | વાનર |
| વર્ગ | : | સર્પ |




| | | |
|---|---|---|
| Name | : | Chi. Parth Prakashbhai Pathak (PR-Canada) |
| Height | : | 5‘-7’’ |
| Weight | : | 67 Kg. |
| Birth Date | : | 06-01-1991 |
| Birth Time | : | 07.08 p.m. |
| Birth Place | : | Tarapur, Ta. Tarapur, Dist. Anand |
| Education | : | Master of Science (Computer Application-Symbiosis International University, Pune) |
| Profession | : | Telecom Analyst at Royal Bank of Canada (Toronto, Canada-IT) |
| Monthly Income | : | - |
| Native Place | : | Sojitra |
| Mother Name | : | Mayaben P. Pathak |
| Borther/Sisters | : | 1-Sister-Married |
| Maternal Place | : | Ratilal P. Vyas - Chennai |
| Father | : | Prakashbhai B. Pathak |
| Address | : | 215/16, Sathinagar Flat, Opp. Dharanagri, Aakashdeep Tower, Anand-Vidhyanagar Road, Vidhyanagar-388120 |
| Mobile No. | : | +91-9428489411 (Prakashbhai)<br>+91-8690567985 (Mayaben) |
| E-mail | : | pathakprakash769@gmail.com |
| Choice | : | Equivalent Education |
| Note | : | Visiting India Very Soon |

| | | |
|---|---|---|
| Gotra | : | Kashyap |
| Nakshatra | : | Uttra Phalguni-4 |
| Rashi | : | Virgo |
| Nadi | : | Adhya |
| Gan | : | Manushya |
| Varna | : | Vaishya |
| Yoni | : | Gau |
| Varg | : | Onder |



| | | |
|---|---|---|
| Name | : | Chi. Svapnil Ramesh Vyas |
| Height | : | 5‘-10’’ |
| Weight | : | 85 Kg. |
| Birth Date | : | 19-01-1991 |
| Birth Time | : | 09.57 p.m. |
| Birth Place | : | Bharuch (Gujarat) |
| Education | : | B.Com., M.A. Social Work (MSW) |
| Profession | : | Job in SRG Organic Food India |
| Monthly Income | : | Rs. 35000/- |
| Native Place | : | Sojitra |
| Mother Name | : | Alka R. Vyas |
| Borther/Sisters | : | 1-Sister-Unmarried |
| Maternal Place | : | Sureshchandra G. Bhatt, Bharuch-Gujarat |
| Father | : | Ramesh Ratilal Vyas |
| Address | : | 271, Main Street, Chennai-600001 |
| Mobile No. | : | +91-9940156256 (Ramesh)<br>+91-9176067706 (Alka) |
| E-mail | : | ramesh25vyas@gmail.com |
| Choice | : | - |
| Note | : | - |
| Gotra | : | Gautams |
| Nakshatra | : | Satghisha |
| Rashi | : | Kumbh |
| Nadi | : | Adhya |
| Gan | : | Raxas |
| Varna | : | Shudra |
| Yoni | : | Ashav |
| Varg | : | Mesh |



## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા

### પત્રિકાના આજીવન સભ્ય રૂા. ૧૦૦૦/-

| | | |
|---|---|---|
| ૧. નિત્યા અજીત ઠાકર | નડિયાદ | ૪૬૪૫ |
| ૨. દેવાંગ ભગવતપ્રસાદ પંડ્યા | અમદાવાદ | ૪૬૪૬ |
| ૩. બકુલભાઈ રતનકુમાર ડોળિયા | સોજીત્રા | ૪૬૪૭ |
| ૪. કાર્તિક નરેન્દ્રકુમાર દવે | અમદાવાદ | ૪૬૪૮ |
| ૫. રશેન્દ્રભાઈ સી. મહેતા | અમદાવાદ | ૪૬૪૯ |
| ૬. મનીષભાઈ હર્ષદભાઈ ઠાકર | નડિયાદ | ૪૬૫૦ |
| ૭. યોગેશભાઈ જે. ઠાકર | અમદાવાદ | ૪૬૫૧ |
| ૮. પીન્કીબેન વિઠ્ઠલરાય ભટ્ટ | અમદાવાદ | ૪૬૫૨ |
| ૯. પરાગ દિપકકુમાર દવે | વ.વિ.નગર | ૪૬૫૩ |
| ૧૦. કંદર્પ મયૂરેશભાઈ દવે | અમદાવાદ | ૪૬૫૪ |
| ૧૧. આશિષ પ્રફુલચંદ્ર દેસાઈ | અમદાવાદ | ૪૬૫૫ |
| ૧૨. સૂરજ દિનેશકુમાર ભટ્ટ | સેલવાસ | ૪૬૫૬ |
| ૧૩. હર્ષભાઈ સમીરભાઈ દવે | અમદાવાદ | ૪૬૫૭ |
| ૧૪. ધવલભાઈ નિલેશચંદ્ર દવે | અમદાવાદ | ૪૬૫૮ |
| ૧૫. બ્રિજેશભાઈ જીતેન્દ્રભાઈ જોષી | અમદાવાદ | ૪૬૫૯ |

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના

### વિશિષ્ટ સહાય ફંડના દાતાશ્રીઓ

| | | |
|---|---|---|
| ૧. શ્રી વિઠ્ઠલરાય જે. ભટ્ટ | અમદાવાદ | રૂ. ૫૦૦૦/- |

### જ્ઞાતિ ગૌરવ

- ઉમરેઠ નિવાસી શ્રી કનૈયાલાલ હિંમતલાલ પંડ્યાના પૌત્ર જનમકુમાર કંદર્પકુમાર પંડ્યા હાલમાં ઓગષ્ટ-૨૦૨૦માં વિશ્વની સર્વશ્રેષ્ઠ યુનિવર્સિટી University of Massachusetts Amherst USA ખાતેથી Ph.D. Degree Food Science માં સંપૂર્ણ સ્કોલરશીપ સાથે પ્રાપ્ત કરેલ છે. તેઓના માતૃશ્રી જયશ્રીબેન કે. પંડ્યા તરફથી પત્રિકાને રૂ. ૨૫૧/- ભેટ મળેલ છે.

### અવસાન નોંધ

- મૂળ ડાકોર નિવાસી હાલ વડોદરાના પીયુષકુમાર જયરણછોડ વ્યાસનું દુ:ખદ અવસાન સપ્ટેમ્બર માસમાં થયેલ છે. પત્રિકાને રૂ. ૨૦૦/- સ્મૃતિભેટ મળેલ છે.
- મૂળ ઉમરેઠના રહેવાસી અને હાલ ઓસ્ટ્રેલીયા મુકામે રહેતા શ્રી રમણલાલ ઉમીયાશંકર જોશી ૯૬ વર્ષની વયે ઓસ્ટ્રેલીઆ મુકામે તા. ૦૫-૦૯-૨૦૨૦ના રોજ દેવલોક પામ્યા છે. તેમના સ્મરણાર્થે સંસ્થાને રૂ. ૧૫૧/- સ્મૃતિભેટ મળેલ છે.

### શુભેચ્છા ભેટ

- શ્રી ઘનશ્યામભાઈ કરૂણાશંકર શુકલ (મૂળ - ઉમરેઠ) હાલ-આણંદ, મારા પૌત્ર ચિ. મૃગાંક સદૈવ શુકલ ધો.૧૨ અંગ્રેજી મીડીયમ સાયન્સમાં ૮૫% પર્સન્ટાઈલથી ઉત્તીર્ણ થયેલ છે. બાજખેડાવાળ પત્રિકાને રૂ. ૧૫૧/- ભેટ મળેલ છે.

### શુભ સમાચાર

- શ્રી ઘનશ્યામભાઈ કરૂણાશંકર શુકલ- આણંદ ના પુત્ર મૃગાંક સદૈવ શુક્લ ધોરણ-૧૨ ઈગ્લીશ મીડીયમ સાયન્સ પ્રવાસમાં ૮૫% પર્સન્ટાઈલથી ઉત્તીર્ણ છે. બાજખેડાવાળ પત્રિકાને રૂ. ૧૫૧/- ભેટ મળેલ છે.

Registered Under RNI No. GUJGUJ/2007/20537 date 24-07-07 Permitted to Post at PSO on last day of month Regd. Under Postal Regd. No. GAMC-705/ 2019-21 issued by SSP Ahmedabad valid & Renewed upto Dt. 31-12-2021
LPWP No. PMG / HQ / 100 / 2019-2021 valid upto 31-12-2021
Published on 27th Every Month

## : જાણવા જોગ :

*શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા દ્વારા પ્રકાશિત થતી માસિક "બાજખેડાવાળ પત્રિકા" લગભગ તા. ૧૫, ૨૦ કે ૨૫ તારીખ સુધીમાં તૈયાર થઈ જાય એવી વેબસાઈટ પર ચઢાવી દેવામાં આવે છે. તો આપ સર્વે* http://abbhs.in *પર* Patrika *વિભાગ પર ક્લિક દરેક માસની પત્રિકા ડાઉનલોડ કરી જોઈ શકશો.*

**માલિક – પ્રકાશક – મુદ્રક – પ્રકાશન સ્થાન**
**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા વતી અને તરફથી શ્રી મહાવીરપ્રસાદ દેસાઈ** દ્વારા ધર્મેશ પ્રિન્ટોરીયમ, પ્રેસ, બી–૬, ૨૩ અને ૧૨–બી અગ્રવાલ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, અગ્રવાલ આઈસ ફેક્ટરી કંમ્પાઉન્ડ, દુધેશ્વર, અમદાવાદમાં છપાવી બાજખેડાવાળ પત્રિકા નં.૧–૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂર્વ), અમદાવાદ–૮થી પ્રકાશિત કર્યું. (મો.) : ૭૫૭૩૯૭૮૪૭૭
**(M) 9898535030, 9974127810**